# કેન્દ્ર અને રાજ્યો ટીમ ઈન્ડિયાની જેમ કામ કરે : મોદી

બર્નપુર,તા. ૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કહ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્યોને મળીને ટીમ ઈન્ડિયાની જેમ કામ કરવાની જરૂર છે. રાષ્ટ્રીય સમસ્યાઓને ઉકેલવા માટે સાથે મળીને કામ કરવાનો સમય આવી ગયો છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ભારત અને બાંગ્લાદેશ જમીન સરહદી સમજૂતિ જેવા મુદ્દાનો ઉકેલ પણ લાવવામાં આવ્યો છે. મોદીએ અહી આઈઆઈએસસીઓના આધુનિક સ્ટીલ પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું હતું. ઉદ્ઘાટન બાદ મોદીએ કહ્યું હતું કે, જો બીજા દેશોની સાથે ટીમ ઈન્ડિયાનીભાવનાના માધ્યમથી મામલાઓને ઉકેલી શકાય છે તો સ્થાનિક મુદ્દાઓનો ઉકેલ વધુ સરળ રહેશે. મોદીએ ઉમેર્યું હતું કે, સંસદે ભારત-બાંગ્લાદેશની જમીન સરહદ સાથે જોડાયેલા કરારને સર્વસંમતિથી પસાર કરી દીધા બાદ નવી આશા જાગી છે. આ વિવાદનો ઉકેલ લાવવા માટે તમામ રાજકીય પક્ષોએ સાથ આપ્યો છે જેમાં પશ્ચિમ બંગાળ, આસામ, મિઝોરમ, મેઘાલયના લોકોનો સમાવેશ થાય છે. ભારતને આગળ લઈ જવા માટે રાજ્યોની સાથે મળીને કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરતા તેમણે કહ્યું હતું કે, કમનસીબરીતે ભૂતકાળમાં કેન્દ્ર અને રાજ્ય વચ્ચે તંગદિલીભરી સ્થિતિ રહી છે. તેઓ પોતે પણ ઘણા વર્ષ સુધી મુખ્યમંત્રી રહ્યા છે અને સમજે છે કે, રાજ્યો પ્રત્યે કેન્દ્રનું વલણ કેવું રહેવું જોઈએ. મોદીએ ઉમેર્યું હતું કે, અમારા બંધારણે અમને બંધારણીય માળખુ આપ્યું છે પરંતુ કમનસીબરીતે સંબંધો તંગદિલીપૂર્ણ રહ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે, ભારત ઉપર માત્ર દિલ્હીથી શાસન રહેશે નહીં. દેશ માટે દિલ્હીના આધાર પર રહેશે નહીં. બલ્કે ૩૦ રાજ્યોનો ટેકો જરૂરી છે. નીતિ આયોગની રચનાની તેમણે વાત કરી હતી જેમાં તમામ રાજ્ય ભાગીદાર છે. મોદીએ એમ પણ કહ્યું હતું કે, તેમના સરકારના પ્રયાસ પૂર્વીય ભારતને શક્તિશાળી બનાવવાના છે.



**આધુનિક આઈઆઈએસસીઓ સ્ટીલ પ્લાન્ટનું પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીની ઉપસ્થિતિમાં ઉદ્ઘાટન : ૧૬૦૦૦ કરોડથી આધુનીકીકરણ**



પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ કોલકતાના દક્ષિણેશ્વર કાળી મંદિર પહોંચી મા કાળીના દર્શન કરી આશિર્વાદ લીધા હતા. ત્યાર બાદ તેઓ બેલુર મઠમાં ગયા હતા ત્યાં તેમણે સ્વામી વિવેકાનંદની સમાધિ પાસે ધ્યાન ધર્યું હતું.

આના માટે બંગાળને સૌથી પહેલા મજબૂત કરવાની જરૂર છે. મુખ્યમંત્રી મમતા બેનરજીની ઉપસ્થિતિમાં મોદીએ કહ્યું હતું કે, દક્ષિણ પૂર્વ એશિયાના દેશો સાથે ભારતની નીતિનું નેતૃત્વ બંગાળ કરશે. અગાઉની સરકાર વેળા એક પછી એક કૌભાંડો સપાટી ઉપર આવ્યા હતા. હવે કોલસા કૌભાંડના સમાચાર નથી બલ્કે કોલસા હરાજીના સમાચાર છે. મોદીએ દાવો કર્યો હતો કે, તેમની સરકાર આ મહિને એક વર્ષ પૂર્ણ કરનાર છે. કોઈપણ કૌભાંડના અહેવાલ આવ્યા નથી. પશ્ચિમ બંગાળની તેમની પ્રથમ મુલાકાત દરમિયાન મોદીએ આજે બર્નપુર ખાતે અતિઆધુનિક આઈઆઈએસસીઓ સ્ટીલ પ્લાન્ટને દેશને સમર્પિત કર્યું હતું. આ પ્લાન્ટમાં જંગી રકમ ખર્ચ કરવામાં આવી છે. ઉત્પાદન ક્ષમતાને વધારવા માટે જંગી રોકાણ કરાયું છે. સ્ટીલ પ્લાન્ટનું ઉદ્ઘાટન કરાયું ત્યારે મમતા બેનરજી ઉપસ્થિત રહ્યા હતા.

**દક્ષિણ ભારતના રાજ્યો પર નજર**

## એક લાખ કરોડની પાવર ટ્રાન્સમિશન લાઈન હશે

કોઇમ્બતુર,તા. ૧૦

દક્ષિણ ભારતના રાજ્યોમાં વીજળી ટ્રાન્સમિશન ક્ષમતાને વધારી દેવાના કેન્દ્ર સરકારના પ્રયાસના ભાગરૂપે આગામી છ મહિનાના ગાળામાં જ એક લાખ કરોડની કિંમતની વીજળી ટ્રાન્સમિશન લાઇન સ્થાપિત કરવામાં આવનાર છે. કેન્દ્રિય વીજળી પ્રધાન પિયુશ ગોઇલે આજે આ મુજબની માહિતી આપી હતી. કેન્દ્રની સામાજિક સુરક્ષા યોજના લોંચ કરવા સાથે સંબંધિત એક કાર્યક્રમમાં પિયુશ ગોઇલે કહ્યુ હતું કે તમામ દક્ષિણી રાજ્યો માટે ટ્રાન્સમિશન ક્ષમતાને વધારી દેવા માટેના પ્રોજેક્ટ અમલી બનાવવામાં આવી રહ્યા છે. તમિળનાડુ અને ખાસ કરીને કોઇમ્બુતરના ઔદ્યોગિક પટ્ટામાં વીજળીની તંગી અંગે એક પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યુ હતુ કે ટ્રાન્સમિશન ક્ષમતાને વધારી દેવાના હેતુથી સાઉથર્ન ગ્રીડને નેશનલ ગ્રીડ સાથે પહેલાથી જ જોડી દેવામાં આવી છે. પાવર ગ્રીડ કોર્પોરેશનને ૩૦,૦૦૦ કરોડના રોકાણ સાથે ટ્રાન્સમિશન ક્ષમતાને વધારી દેવાનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. બે વર્ષમાં આ પ્રોજેક્ટ પૂર્ણ થઇ શકે છે. તમામ દક્ષિણ ભારતના રાજ્યોને પૂર્ણ સહાયતા કરવામાં આવનાર છે.

## જયલલિતા સંપત્તિ કેસમાં આજે કર્ણાટક હાઈકોર્ટ ચુકાદો આપશે

ચેન્નાઈ,તા. ૧૦

કર્ણાટક હાઈકોર્ટ આવતીકાલે તમિળનાડુના પૂર્વ મુખ્યપ્રદાન જે. જયલલિલાને આવરી લેતા ૬૬.૬૫ કરોડના ભ્રષ્ટાચારના કેસમાં તેનો ચુકાદો આપનાર છે. આ ચુકાદા પર તમામ લોકો અને રાજકારણીઓની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. આ કેસમાં અપરાધી ઠેરવવા સામે જયલલિતા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર ચુકાદો આપવામાં આવનાર છે. કર્ણાટક હાઈકોર્ટની વેબસાઈટમાં જણાવવામાં આવ્યું છે કે આ કેસ સવારે ૧૧ વાગે હાથ ધરવામાં આવશે. આ ચુકાદાની તમિળનાડુના રાજકારણ પર પણ સીધી અસર થનાર છે. ગયા વર્ષે ૨૭મી સપ્ટેમ્બરના દિવસો બેંગલોરમાં ટ્રાયલ કોર્ટે જયલલિતા અને અન્ય ત્રણને અપરાધી ઠેરવ્યા હતા. કોર્ટે જયલલિતાને ચાર વર્ષની જેલની સજા અને ૧૦૦ કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. ચુકાદા વેળા જયલલિતા અને તેમના ત્રણ સાથી ચેન્નાઈમાં રહેશે. કારણ કે ચુકાદો આપવામાં આવે ત્યારે તેમને કોઈને હાજર રહેવાની જરૂર દર્શાવવામાં આવી નથી. ટ્રાયલ કોર્ટના ચુકાદાને પડકાર ફેંકીને કરવામાં આવેલી અરજી પર હવે ચુકાદાને લઈને તમામમાં ચર્ચા છે. જસ્ટીસ સીઆર કુમારસ્વામીની સ્પેશિયલ વેકેશન સિંગલ બેન્ચ દ્વારા સુનાવણી કરવામાં આવનાર છે. હાઈકોર્ટના નોટિફિકેશનમાં આ મુજબની માહિતી આપવામાં આવી છે. ખાસ અદાલતના જજ જહોન માઈકલ ડી કુનહાએ ૨૭મી સપ્ટેમ્બરના દિવસે જયલલિતાને આવકના તેમના જાણિતા સાધનોની સામે અપ્રમાણ સંપત્તિ એકત્રિત કરવાના મામલામાં દોષિત ઠેરવીને ચાર વર્ષની આકરી જેલની સજા ફટકારી હતી. આ ઉપરાંત જયલલિતા ઉપર ૧૦૦ કરોડ રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો હતો. આ સજાની સાથે જ જયલલિતાની મુખ્યમંત્રી તરીકેનો હોદ્દો પણ જતો રહ્યો હતો. જયલલિતાને સીધીરીતે જેલમાં લઈ જવામાં આવ્યા હતા. આ ચુકાદાને પડકાર ફેંકીને ચાર દ્વારા હાઈકોર્ટમાં અપીલ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ ખાસ બેંચની રચના કરવામાં આવી હતી. ગયા વર્ષે ૧૮મી ડિસેમ્બરના દિવસે જયલલિલાને જામીન આપી દેવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટે એ વખતે ત્રણ મહિનાની અંદર અપીલ અંગે નિર્ણય કરવા હાઈકોર્ટને આદેશ કર્યો હતો. જસ્ટીસ કુમારસ્વામીએ અપીલ પર સુનાવણી કરી હતી. ૧૧મી માર્ચ સુધી ચુકાદો અનામત રાખ્યો હતો. જયલલિતાની સામે ૧૮ વર્ષ પહેલા આવકથી વધુ સંપત્તિ એકત્રિત કરવાનો મામલો દાખલ કરવામાં આવ્યો હતો.અપ્રમાણ કેસ વર્ષ ૧૯૯૧ અને વર્ષ ૧૯૯૬ વચ્ચેના ગાળાનો છે. એ વખતે તેઓ રાજ્યના પ્રથમ વખત મુખ્યપ્રધાન બન્યા હતા.

## જયાને રાહત મળે તે માટે મંદિરોમાં પ્રાર્થનાનો દોર

ચેન્નાઈ, તા. ૧૦

રાજકીયરીતે અતિમહત્વપૂર્ણ ગણાતા કેસમાં કર્ણાટક હાઈકોર્ટના ચુકાદા પર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે.ફેંસલાના લઈને પાર્ટીના કાર્યકરોમાં ભારે ઉત્તેજના છે. કેટલાક કાર્યકરો બેંગલોર પહોંચી ગયા છે. હાઈકોર્ટના જસ્ટીસ સીઆર કુમારસ્વામી અમ્માની તરફેણમાં ચુકાદો આપશે તેવી આશા પણ કાર્યકરોમાં દેખાઈ રહી છે. પાર્ટીના અધ્યક્ષની સાથે એકતા દર્શાવવાના હેતુથી પાર્ટીના વરિષ્ઠ નોતા અને તમિળનાડુ સરકારના મંત્રી પણ ચેન્નાઈમાં રહેશે. જે પ્રધાનો પોત પોતાના ક્ષેત્રમાં છે તે પણ આજે ચેન્નાઈ પહોંચી ગયા છે. આ ચુકાદો તમિળનાડુની રાજનિતીની દિશા નક્કી કરી શકે છે. જો ફેંસલો વિરુદ્ધમાં આવસે તો અન્નાદ્રમુકના ભાવિ પર તેની અસર થશે. પન્નીરસેલ્વનને રખેવાલ મુખ્યપ્રધાન બનાવી દેવામાં આવ્યા છે પરંતુ લાંબા સમય સુધી તેમને પાર્ટીના વિકલ્પ તરીકે ચલાવી શકાય તેવી સ્થિતી નથી. રાજ્યવિધાનસભાની ચૂંટણી પર પણ ચુકાદો વિરુદ્ધમાં આવસે તો માઠી અસર થશે. જયલલિતાએ પોતાના સાંસદોને કહ્યું છે કે અન્ય દિવસોની જેમ જ તેઓ સંસદની કાર્યવાહીમાં ભાગ લે તે જરૂરી છે. કેટલાક કાર્યકરો તો જશ્નની તૈયારી પણ કરી રહ્યા છે. આજે સવારથી મંદિરોમાં પ્રાર્થનાના દોર શરૂ થઈ ગયા હતા. પાર્ટીના તુરવલ્લુવર જિલ્લા એકમે ૨ ૩ શિવ મંદિરોમાં ખાસ પુજાની યોજના બનાવી છે. કોર્ટની સંકુળની આસપાસ ચારેબાજુ સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. સુરક્ષા પાસાને ધ્યાનમાં લઈને સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા છે. પોલીસ અને વહીવટીતંત્ર દ્વારા પગલા લેવામાં આવ્યા છે. તમામ જગ્યાએ સેંકડો જવાનો તેનાત રહેશે.

## દાદા સાહેબ ફાલ્કે એવોર્ડથી શશી કપૂરનું સન્માન કરાયું



મુંબઈ,તા. ૧૦

દિગ્ગજ અભિનેતા અને કપૂર પરિવારના સૌથી લોકપ્રિય રહેલા શશી કપૂરને આજે પ્રતિષ્ઠિત દાદા સાહેબ ફાલ્કે એવોર્ડથી સમ્માનિત કરવામાં આવ્યા હતા. પૃથ્વી થિયેટરમાં સમગ્ર કપૂર ખાનદાનની વચ્ચે આ સમ્માન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગ શશી કપૂર સાથે કામ કરી ચુકેલી તમામ ટોપ અભિનેત્રીઓ રેખા, નીતુ સિંહ, ઝિન્નત અમાન, વહીદા રહેમાન, આશા પારેખ ઉપસ્થિત રહી હતી. શબાના આઝમી પણ આ પ્રસંગે ઉપસ્થિત રહી હતી. હિન્દી સિનેમામાં ૧૭૫થી વધુ ફિલ્મો કરી ચુકેલા શશી કપૂરને ૨૦૧૧માં પદ્મભૂષણથી સમ્માનિત કરવામાં આવ્યા હતા. અભિનેતા તરીકે બે વાર અને નિર્માતા તરીકે ત્રણ વખત રાષ્ટ્રીય એવોર્ડ પણ જીતી ચુક્યા છે. દિલ્હીમાં ત્રીજી મેના દિવસે એવોર્ડ આપવાની વાત હતી પરંતુ તેમની તબિયત ખરાબ હોવાથી કાર્યક્રમને ટાળી દેવામાં આવ્યો હતો. આજે મુંબઈમાં માહિતી અને પ્રસારણ પ્રધાન તથા નાણામંત્રી અરુણ જેટલીએ આ સમ્માન આપ્યું હતું. આ પ્રસંગે શશી કપૂરના સિનેમા ઉપર આધારિત એક ટુંકી ફિલ્મ પણ બનાવવામાં આવી હતી જેમાં રણબીર કપૂરે અવાજ આપ્યો છે. અમિતાભ બચ્ચને પણ શશી કપૂરની કુશળતાની યાદ આપી હતી. શશી કપૂરના ભત્રીજા ઋષિ કપૂરે કહ્યું હતું કે, તેમની સાથે ચાર ફિલ્મો તે કરી ચુક્યો છે. અમિતાભે કહ્યું હતું કે, શશી કપૂર દરિયાદિલ વ્યક્તિ તરીકે છે. શશી કપૂરના સંદર્ભમાં અમિતાભે કહ્યું હતું કે, પૃથ્વી થિયેટરની સ્થાપના કરીને પોતાના પિતા પૃથ્વીરાજકપૂર અને પત્નિ જેનીફરનું સ્વપ્ન પૂર્ણ કર્યું છે. શશી કપૂરને ઈનામ વિતરણ વેળા તમામ ટોચની અભિનેત્રીઓ ઉપસ્થિત રહી હતી.

**સામાન્ય લોકો માટે ખુબ જ રાહતના સમાચાર**

## ટીબી, મેલેરિયા સહિત ૩૦ દવાની કિંમતમાં ઘટાડો થશે

નવી દિલ્હી,તા. ૧૦

ડાયાબિટીસ, ટીબી અને મલેરિયા સહિત ૩૦ અતિ જીવનજરૂરી દવાની કિંમતમાં ઘટાડો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આનાથી સામાન્ય લોકોને મોટી રાહત થનાર છે. આ તમામ દવાની કિંમતમાં ૨૫-૩૦ ટકા સુધીનો ઘટાડો કરવામાં આવનાર છે. કેટલાક મામલામાં તો દવાની કિંમત ૫૦ ટકા સુધી પણ ઘટી શકે છે. દવાની કિંમતોને અંકુશમાં રાખનાર સરકારી સંસ્થાએ હવે કેટલીક જરૂરી દવાની નવી કિંમતો માટે મર્યાદા નક્કી કરી છે. નેશનલ ફાર્માસુટિકલ પ્રાઈઝિંગ ઓથોરિટી દ્વારા તાજેતરમાં જ આ જરૂરી દવાની નવી કિંમતોની મર્યાદા નક્કી કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે એનપીપીએ જ તે સરકારી સંસ્થા છે જે જરૂરી દવાના મુલ્યોને અંકુશમાં લે છે. કેન્દ્રમાં નવી સરકાર આવ્યા બાદ છેલ્લા એક વર્ષના ગાળામાં દવાની કિંમતમાં ઉલ્લેખનીયરીતે ઘટાડો થયો છે. અલબત્ત એપ્રિલમાં રેગ્યુલેટરે હોસલેલ પ્રાઈસ ઈન્ડેક્સના આધાર પર જરૂરી દવાની કિંમતમાં ૩.૮ ટકા સુધીનો વધારો કર્યો હતો. પરંતુ સામાન્યરીતે દવાની કિંમતોમાં વધારો થયો ન હતો. પોતાના નવેસરના ઓર્ડરમાં એનપીપીએ દ્વારા એમ પણ કહેવામા આવ્યુ છે કે જો કોઈ દવાની કિંમત રેગ્યુલેટર દ્વારા નિર્ધારિત મર્યાદા કરતા ઓછી છે તો આ પ્રકારની દવા વેચનાર કંપનીઓ વર્તમાન અથવા તો સૌથી ઓછા રીટેલ કિંમત ચાર્જ વસુલ કરી શકે છે. કંપનીઓ લાભ લેવા માટે નવી નવી પેકેડિંગ અથવા તો કમ્પોઝિશનમાં દવા લોંચ ન કરે જેનાથી કંપનીઓ કિંમત નિયંત્રણની હદમાં ન આવે આ બાબતને લઈને રેગ્યુલેટરે સલાહ આપી છે. આવી સ્થિતીમા કંપનીઓને સરકારની પૂર્વ મંજૂરીને ફરજિયાત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ઓર્ડરમાં કહેવામાં આવ્યુ છે કે જો કંપની એમ ઈચ્છે છે તો તેને છ મહિના પહેલા સરકાર પાસેથી મંજૂરી લેવી પડશે. એક અધિકારીએ કહ્યું છે કે આ નિયમોનો હેતુ ગ્રાહકના હિતોનુ રક્ષણ કરવાનો છે.

## રેલવે ટુંક સમયમાં જ તત્કાલ સ્પેશિયલ ટ્રેનો પણ દોડાવશે

નવી દિલ્હી,તા. ૧૦

અતિ વ્યસ્ત સિઝન દરમિયાન ટિકિટ માટેના ધસારાને પહોંચી વળવા અને લાભ ઉઠાવવાના હેતુસર રેલવે દ્વારા હવે ટુંક સમયમાં જ તેની તત્કાલ સ્પેશિયલ ટ્રેન સર્વિસ લોંચ કરનાર છે. આ ટ્રેનમાં મુસાફરી કરવાની બાબત સામાન્ય ટ્રેન કરતા થોડીક મોંઘી સાબિત થશે. રેલવે મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે રોકડ કટોકટીનો હાલમાં સામનો કરી રહેલા જાહેર પરિવહન કારે ચોક્કસ વ્યસ્ત રૂટો માટે તત્કાલ ભાડા ઓપરેશનલ પર ખાસ ટ્રેનો દોડાવવાનો નિર્ણય કર્યો છે. તત્કાલ સ્પશિયલ ટ્રેનો રોકડ નાણા એકત્રિત કરવા અને ધસારાને પહોંચી વળવા માટે વધારાની સેવા રહેશે. યાત્રીને તત્કાલ સર્વિસ ટિકિટ માટે વધારે નાણાં ખર્ચ કરવા પડશે. કારણ કે આના માટે રેટ સામાન્ય ભાડા કરતા વધારે રહેશે. ૧૭૫ અને ૪૦૦ની રેંજમાં રહી શકે છે. અધિકારીએ કહ્યું છે કે સેકન્ડ ક્લાસ માટે બેઝિક ભાડાના ૧૦ટકા જેટલો તત્કાલ રેટ છે. જ્યારે એસી કેટેગરી સહિત અન્ય તમામ ક્લાસ માટે બેઝિક ભાડાના ૩૦ ટકા સુધી તત્કાલ રેટ છે. પ્રિમિયમ ટ્રેનો માટે ટિકિટ માત્ર ઓનલાઈન બુક કરવામાં આવે છે. જ્યારે તત્કાલ સ્પેશિયલ ટિકિટ ઓનલાઈન અને રેલવે ટિકિટ કાઉન્ટરો બન્ને પર ઉપલબ્ધ રહેશે. રેલવે દ્વારા તત્કાલ સ્પેશયિલ ટ્રેન માટે એડવાન્સ રિઝર્વેશન ગાળામાં પણ રાહત આપી શકે છે. હાલમાં તત્કાલ ટિકિટ પ્રવાસના ૨૪ કલાક અથવા તો પહેલા સુધી બુક કરવામાં આવે છે. પરંતુ તત્કાલ સ્પેશિયલ ટ્રેનમાં એડવાન્સ રીઝર્વેશન ગાળો લઘુત્તમ ૧૦ દિવસનો રહી શકે છે. જ્યારે મહત્તમ ૬૦ દિવસનો રહેશે. સોફ્ટવેર જે તત્કાલ સ્પેશિયલ ટિકિટિંગ સિસ્ટમ માટે લાગુ થનાર છે તે સીઆરઆઈએસ દ્વારા તૈયાર કરવામાં આવનાર છે. આ ટ્રેનોમાં કોઈ તત્કાલ ક્વોટા રહેશે નહી. કારણ કે સમગ્ર સર્વિસ જ તત્કાલ ભાડામાં ચાલનાર છે.

**તત્કાલ સ્પેશિયલ ટ્રેનની વિશેષતા શું છે..........**

- તત્કાલ સ્પેશિયલ ટિકિટ રેલવે ટિકિટ કાઉન્ટર અને ઓનલાઇન ઉપલબ્ધ રહેશે
- તત્કાલ રેટ સેકન્ડ ક્લાસ માટેના બેઝિક ભાડાના ૧૦ ટકા
- એસી કેટેગરી સહિત અન્ય તમામ ક્લાસ માટે બેઝિક ભાડાના ૩૦ ટકા રહેશે
- તત્કાલ સ્પેશિયલ ટ્રેન માટે એડવાન્સ રિઝર્વેશન ગાળામાં રાહત
- તત્કાલ સ્પેશિયલ ટ્રેન માટે ટિકિટમાં એડવાન્સ રિઝર્વેશવ ગાળો લઘુત્મ ૧૦ દિવસ માટેનો રહેશે
- આ ગાળો મહત્મ ૬૦ દિવસ માટેનો રહેશે
- તત્કાલ સ્પેશિયલ ટિકિટિંગ સિસ્ટમ માટે સોફ્ટવેર સીઆરઆઈએસ દ્વારા વિકસિત કરવામાં આવનાર છે
- સોફ્ટવેર તૈયાર કરાયા બાદ પસંદગીના રૂટ પર સર્વિસ શરૂ
- તત્કાલ સ્પેશિયલ ટ્રેનમાં કોઈ છુટછાટના ભાડા રહેશે નહી

## 'મુક્તિધામ'

**● અનુસંધાન ત્રીજાનું ચાલુ**

સામે જુનિયર સિટીઝન કાઉન્સિલના કર્મચારીઓનો રૂ. ૭૦,૦૦૦નો પગાર ઉપરાંત મુક્તિધામને નિભાવવાનો ખર્ચ આશ્ચર્યજનક રીતે પરિપૂર્ણ કરાય છે. જુસનિકા દ્વારા આવી આર્થિક તાણમાં પણ માત્ર 'સેવા'ના ધ્યેયને કેન્દ્રમાં રાખીને અદ્ભૂત સંચાલન કરવામાં આવે છે જે ખરેખર કાબીલે દાદ છે.

મુક્તિધામમાં રોજ સવારે મ્યુઝિક સીસ્ટમ પર ભક્તિ સંગીત રેલાય છે પરંતુ જ્યારે કોઈ નનામી અંતિમ સંસ્કાર માટે આવે ત્યારે તેમાં રામધૂન વગાડાય છે. રોજ સવારે અહીં ૨૦-૨૫ મોર ટહુકા કરતા આવી જાય છે અને વાતાવરણને આહલાદક બનાવે છે. દર અમાસે અહીં બહેનો બપોરે ૩ થી ૫ આનંદનો ગરબો ગાય છે. યમ થી માંડીને શિવ-પાર્વતી, અંબેમા, કૃષ્ણ સહિત અનેક દેવી દેવાતોની વિશાળ પ્રતિમાઓની સાથે દેશની મહાન વિભૂતિઓ જેવી કે કબીર, નરસિંહ મહેતા, મહાવીર સ્વામી, જલારામ, સંત રોહિતદાસ, વીર મેઘમાયા જેવી હસ્તિઓની અનેક પ્રતિમાઓ સ્થાપિત કરવામાં આવી છે. અહીં જો ગરીબ બાળકો પિકનીક કરવા આવે તો જુસિકાના કર્મચારીઓ હોંશે હોંશે ચા-નાસ્તાની નિઃશુલ્ક વ્યવસ્થા કરી આપે છે.

થોડાક જ દિવસો પહેલા અહીં રાત્રે બનેલ ધાડની ઘટના પછી પણ રાત્રિ દરમ્યાન પોલીસ પેટ્રોલીંગ કે સુરક્ષા માટે એકાદ પોલીસ કોન્સ્ટેબલ અથવા હોમગાર્ડની વ્યવસ્થા નથી અપાઈ તેનો કર્મચારીઓને રંજ છે. અહીં વસવાટ કરતા કર્મચારીના પરિવારમાં ૨ દિકરીઓ પણ હોવાથી સુરક્ષા બાબતે ચિંતા થાય તે સ્વાભાવિક છે. આમ છતાં જુસિકાના પ્રમુખ બી.એ. વસાવડા અને મંત્રી રણજીતસિંહ વાઘેલા સહિત કર્મચારીઓની નેમ છે કે 'મુક્તિધામને અમારે ગાંધીનગરનું નંદનવન બનાવવું છે. ખરેખર તેમની સમર્પણતાને સો સો સલામ.

## એચડીએફસી ટોપ કન્ઝ્યુમર ફાયનાન્સ કંપની બની

નવીદિલ્હી, તા. ૧૦

વિશ્વની ટોપ ટેન મોટી કન્ઝ્યુમર ફાયનાન્સ સર્વિસ કંપનીમાં મોર્ટગેજ કંપની એચડીએફસી પણ સ્થાન મેળવી ગઈ છે. આ યાદીમાં સ્થાન મેળવનાર એકમાત્ર ભારતીય કંપની બની છે. અમેરિકન એક્સપ્રેસ, લીઝા અને માસ્ટરકાર્ડ જેવી મહાકાય કંપનીઓ બાદ એચડીએફસી આ યાદીમાં સ્થાન મેળવી ગઈ છે. એચડીએફસી યાદીમાં સાતમાં સ્થાન ઉપર છે. મેગેઝિન ફોર્બ્સ દ્વારા યાદી જારી કરાઈ છે.

## સરળ કરાયેલ આઈટી રિટર્ન ફોર્મ મહિનાના અંત સુધી જારી

નવી દિલ્હી,તા. ૧૦

નાણામંત્રાલય વધુ સરળ આઈટી રિટર્ન ફોર્મ આ મહિનાના અંત સુધી રજૂ કરે તેવી શક્યતા છે જેમાં કેટલીક જોગવાઈનો સરળ બનાવવામાં આવશે. ડોરમન્ટ બેંક ખાતાઓની વિગત આપવાની બાબતને દૂર કરવામાં આવશે. આ સરળ ફોર્મને લઇને છેલ્લા ઘણા સમયથી ચર્ચા ચાલી રહી છે. આવકવેરા રિટર્નના ફોર્મને સરળ બનાવવાને લઇને વારંવાર રજૂઆત કરવામાં આવી ચુકી છે. અગાઉના વર્ઝનનો ઉદ્યોગ અને સાંસદો દ્વારા જોરદાર વિરોધ કરવામાં આવ્યા બાદ સરળ ફોર્મ લાવવામાં આવ્યું છે. આ સરળ ફોર્મને લાવવાથી દરેક વિદેશ પ્રવાસની વિગતોની વિગત આપવાની જરૂરીયાતને ટાળી શકાશે. સંસદ સત્રની પૂર્ણાહૂતિ થયા બાદ નાણામંત્રાલયના અધિકારીઓની એક મહત્વપૂર્ણ બેઠક તરત મળશે જેમાં ડોરમન્ટ બેંક એકાઉન્ટની વિગતો આપવાની જરૂર છે કે કેમ તેમાં ચકાસણી કરવામાં આવશે. આઈટીઆઈ ફોર્મને વધુ સરળ કરવા અંગેનો નિર્ણય નાણામંત્રી અરુણ જેટલી દ્વારા આ મહિનાના અંત પહેલા લેવામાં આવે તેવી શક્યતા છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, પગારદાર વ્યક્તિગતો અને બિઝનેસ કરતા પ્રોફેશનલ આવક નહીં ધરાવનાર લોકોને પણ આઈટીઆર-૧ અથવા આઈટીઆર-૨માં ૩૧મી જુલાઈ સુધી ઇન્કમટેક્સ રિટર્ન દાખલ કરવા પડશે.

નવા આરટીઆઈ ફોર્મને લઇને ભારે વિવાદ થયા બાદ રેવન્યુ વિભાગે જાહેરાત કરી છે કે, હાલમાં નવી ગણતરી કરવામાં આવે તે પણ જરૂરી છે. નવા આરટીઆઈ ફોર્મમાં બેંક ખાતાઓની વિગત અને વિદેશી પ્રવાસની વિગત માંગવામાં આવી છે. રેવન્યુ વિભાગે આને મોકૂફ રાખવાની તૈયારી કરી છે. ટેક્સ વિભાગે ઇન્ડસ્ટ્રી ચેમ્બર્સ સાથે પણ વતાચીત કરી છે અને સરળ ફોર્મને લઇને તેમના અભિપ્રાય મેળવવાના પ્રયાસ કરાયા છે. વર્તમાન નાણાંકીય વર્ષ માટે છેલ્લા મહિનામાં જ સીબીડીટી દ્વારા આરટીઆઈ ફોર્મ અંગે જાહેરનામુ રજૂ કરાયું હતું. આમા બેંક ખાતાઓ માટે ચોક્કસ કોલમ, આઈએફએસસી કોડ, જોઇન્ટ ખાતા ધારકોના નામ અને વિદેશી પ્રવાસ માટે ચોક્કસ કોલમ બનાવવામાં આવ્યા છે.